# સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી

## સરદારકૃષિનગર

પોલિટેકનિક ઇન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ

**માહિતી પૂસ્તિકા**

**શૈક્ષણિક વર્ષ : ૨૦૨૧-૨૦૨૨**

ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ (ફક્ત છોકરીઓ માટે)

વધુમા માહિતી માટે વેબસાઇટ **sdau.edu.in**

**1. અગત્યની તારીખો (સમય સારણી) :**

છેલ્લામાં છેલ્લી માહિતી માટે **sdau.edu.in** વેબસાઇટ પર જુઓ

| Sr. No. | Activities | Date (New) | |
|---|---|---|---|
| | | From | To |
| ૧. | વેબસાઇટ પર માહિતી પુસ્તિકાની ઉપલબ્ધતા | 6/10/2021 | |
| ૨. | ઉમેદવારે ફોર્મ ભરવા માટે **sdau.edu.in** વેબસાઇટ પરથી નિયત પર્ફોમામાં ફોર્મ ડાઉનલોડ કરી ભરવાનું રહેશે. ત્યાર બાદ આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર ખાતે નિર્ધારીત કરેલ તારીખમાં જમા કરાવાનું રેહશે. | 7/10/2021 | 20/10/2021 |
| ૩. | દરેક ઉમેદવારે નિર્ધારીત સમયમાં પ્રવેશ ફોર્મ આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર ખાતે રુબરૂ જમા કરાવતી વખતે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વગેરે અસલમાં (તેની પ્રમાણિત નકલોના બે સેટ સહિત ) રૂબરૂ હાજર થઇ વેરિફિકેશન કરાવવાનુ રહેશે. ત્યાર બાદ જો પ્રવેશ માટે લાયકાત ધરાવતા હશે તો પ્રવેશ ફોર્મ ફી પેટે રૂ. 200 ભરવાના થશે. | 7/10/2021 | 20/10/2021 |
| ૪. | યુનિવર્સિટી વેબસાઇટ પર કામચલાઉ યાદી પ્રસિદ્ધ કરવાની તારીખ | 26/10/2021 | |
| ૫. | વેબસાઇટ પર અંતિમ મેરીટ યાદી તથા કાઉન્સેલીંગનો કાર્યક્રમ Email, SMS તેમજ બહોળી પ્રસિધ્ધિને ધ્યાને લઇ વેબસાઇટ પર પણ પ્રસિધ્ધ કરવામાં આવશે. | | |

ઉપર દર્શાવેલ તારીખોમાં ફેરફારને અવકાશ હોઇ છેલ્લામાં છેલ્લી માહિતી વેબસાઇટ **sdau.edu.in** ની મુલાકાત લેવી.

<u>કાઉન્સેલીંગ માટેની અગત્યની સૂચના</u>

<u>કોલેજમાં હાજર થવા માટે કાઉન્સેલીંગ દરમ્યાન વિદ્યાર્થીનીએ નીચેની વિગતે ડોક્યુમેન્ટ સાથે લાવવાના રહેશે.</u>

(૧) ઓનલાઈન અરજીની પ્રિન્ટ (બે કોપી)

(૨) અરજી પત્રકમાં દર્શાવેલ તમામ ડોક્યુમેન્ટના અસલ પ્રમાણપત્રો તેમજ તેની બે પ્રમાણિત કોપી

અનુક્રમણિકા


| ક્મ | વિગત | પાન નં. |
|---|---|---|
| 1 | પોલીટેકનિકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમો | 4 |
| 2 | સંપર્ક સૂત્રો | 4 |
| 3 | પ્રવેશ ક્ષમતા / ઓનલાઇન રજીસ્ટ્રેશન અને ઓનલાઇન પ્રવેશ પસંદગીની પ્રક્રિયા | 4 |
| 4 | પ્રવેશ લાયકાત | 4 |
| 5 | અનામત બેઠકો | 6 |
| 6 | મેરીટ લિસ્ટ | 8 |
| 7 | પ્રવેશ | 8 |
| 8 | સંલગ્ન પોલીટેકનિક ખાતે હાજર થવું | 8 |
| 9 | ફીનું ધોરણ | 10 |
| 10 | અભ્યાસક્રમ અને વિષયો | 11 |
| 11 | એન્ટિ રેગીંગ | 11 |
| 12 | વિદ્યાર્થીનીનીને હેરાનગતી બાબત | 11 |
| 13 | પ્રવેશ પ્રક્રિયા | 11 |
| 14 | ડિસ્ક્લેમર | 11 |
| 15 | બેઠકોની સંખ્યા | 11 |
| 16 | અરજી પત્રકની ફી ભરવા માટેની સૂચનાઓ | 12 |

## 1. પોલીટેકનિકમાં ડિપ્લોમા અભ્યાસક્રમો:

| ક્રમ | અભ્યાસક્રમ | પોલીટેકનિક | યુનિવર્સિટી |
|---|---|---|---|
| 1 | પોલીટેકનિક ઇન ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ | આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર | સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર |

## 2. સંપર્ક સૂત્રો:

| ક્રમ | યુનિવર્સિટી | હોદ્દો | ફોન નંબર |
|---|---|---|---|
| 1 | આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર | આચાર્યશ્રી | 02748-278266 |
| 2 | કુલસચિવશ્રી, સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર | મદદનીશ કુલસચિવ (શિક્ષણ) | 02748-278229 |

## 3. પ્રવેશ ક્ષમતા:

| | |
|---|---|
| 1 | ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ પોલીટેકનિકમાં ૩૫ ઉમેદવારોને પ્રવેશ ક્ષમતા છે. પોલીટેકનિકમાં ફક્ત છોકરીઓ ને પ્રવેશ આપવામાં આવે છે |
| 2 | ઉપરોક્ત પ્રવેશ ક્ષમતા ઉપરાંત વધારાની એક બેઠક માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે અનામત રહેશે. |
| 3 | પ્રવેશ માટે ગુજરાત બોર્ડ અને અન્ય બોર્ડમાં પાસ થયેલ વિદ્યાર્થીનીઓની બેઠકોની વહેંચણી "પ્રો- રેટા બેઈઝ પર અથવા મધ્યસ્થ સંકલન સમિતિ ધ્વારા કરવામાં આવશે |

વિદ્યાર્થીઓ માટે ઓફલાઇન પ્રવેશ કાર્યવાહી

યુનિવર્સિટી દ્વારા વર્તમાનપત્રોમાં પ્રવેશ અંગેની જાહેરાત પ્રસિદ્ધ થયા બાદ સમય મર્યાદામાં નિર્ધારીત કરેલ ફોર્મ વેબસાઇટ poly.gsauca.in ઉપર થી પ્રિંટ ની કોપી નિકાળી ને ફોર્મ ભરી ને કોલેજ ખાતે જરૂરી પ્રમાણપત્રો સાથે જમા કરાવાનુ રેહશે.

## 4. પ્રવેશ લાયકાત:

### 4.1. શૈક્ષણિક લાયકાત:

| | | | |
|---|---|---|---|
| (1) | પ્રવેશ માટે ઉમેદવારે નીચેના બોર્ડમાંથી ધોરણ-૧૦ (SSC) ની પરીક્ષા અંગ્રેજી વિષય સાથે પાસ કરેલી હોવી જોઇએ. | | |
| | (I) | ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા | |
| | (II) | અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડ જેવાકે, સેન્ટ્રલ બોર્ડ, કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કુલ ઓફ સર્ટીફીકેટ એકઝામીનેશન, નવી દિલ્હી, નેશનલ ઇન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કુલીંગ, આતંરરાષ્ટ્રીય શાળા, મહારાષ્ટ્ર રાજ્ય શિક્ષણ બોર્ડ વગેરે. | |
| | | (i) | ઉમેદવાર જે શાળામાંથી ભણ્યો હોય તે ગુજરાત રાજયમાં આવેલ હોવી જોઇએ, અથવા |
| | | (ii) | શાળા દિવ,દમણ અને દાદરા અને નગર હવેલીમાં આવેલી હોય અને ઉમેદવારના મા-બાપ ગુજરાત રાજયના મૂળ રહેવાસી હોવા જોઇએ. |
| | | (iii) | ઉમેદવાર ગુજરાત રાજયના નિઝર તાલુકાનો રહેવાસી હોય અને પરીક્ષા મહારાષ્ટ્ર બોર્ડમાંથી પાસ કરેલ હોય. |
| (2) | ઉમેદવારે પરીક્ષા ઉપરોકત ક્રમાંક (1) મુજબ પાસ કરેલ હોય અને | | |
| | (I) | તેના મા-બાપ નીચે દર્શાવેલ કેટેગરીમાં નોકરી કરતા હોય, અને | |
| | (II) | તેના મા-બાપની બદલી ગુજરાત રાજયમાં થઇ હોય અને રજીસ્ટ્રેશન સુધીમાં ફરજ પર હાજર થઇ ગયા હોય અને ત્યાં (રજીસ્ટ્રેશન) સુધી ફરજ પર રહેવાના હોય તેઓ પણ પ્રવેશ માટે લાયક ગણાશે અને તેમનો સમાવેશ મેરીટ – લીસ્ટમાં કરવામાં આવશે. | |

નોકરીની કેટેગરી

| | | |
|---|---|---|
| | (a) | કેન્દ્ર સરકારના અધિકારી / કર્મચારી, અથવા |
| | (b) | કેન્દ્ર સરકારના અને રાજ્ય સરકારના જાહેર સાહસોના અધિકારી / કર્મચારી, અથવા |
| | (c) | રાષ્ટ્રીયકૃત બેંકના અધિકારી / કર્મચારી, અથવા |
| | (d) | ગુજરાત રાજયમાં આવેલ UNO / UNICEF/ WHO જેવી આતંરરાષ્ટ્રીય સંસ્થાના અધિકારી / કર્મચારી, અથવા |

| | | | |
|---|---|---|---|
| | | (e) | ગુજરાત કેડરના ભારતીય સનદી સેવા, ભારતીય પોલીસ સેવા, ભારતીય જંગલ સેવાના અધિકારી / કર્મચારી કે જેઓ ગુજરાત રાજયમાં કે ગુજરાત રાજય બહાર ડેપ્યુટેશન પર ફરજ બજાવે છે, અથવા |
| | | (f) | ગુજરાત રાજય સરકારના અધિકારી/ કર્મચારી કે જેઓ વહીવટી કારણોસર ગુજરાત રાજય બહાર ફરજ બજાવે છે. |
| (3) | જે ઉમેદવારે | | |
| | (i) | ગુજરાત રાજ્યમાં આવેલી કોઈપણ જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ 8 સુધી અભ્યાસ કરેલ હોય અને | |
| | (ii) | ત્યારબાદ અન્ય રાજ્યમાં આવેલી જવાહર નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત જ અભ્યાસ કરેલ હોય. | |
| | (iii) | ગુજરાત સિવાયના રાજ્યમાં આવેલ નવોદય વિદ્યાલય યોજના અંતર્ગત ધોરણ - 10 ની પરીક્ષા પાસ કરેલ હોય | |
| | નોંધ : "જવાહર નવોદય વિદ્યાલય" યોજના એટલે કે, જે રાષ્ટ્રીય શૈક્ષણિક પોલીસી હેઠળ કેન્દ્ર સરકાર ધ્વારા વર્ષ 1985-86 દરમ્યાન શરૂ કરવામાં આવેલ છે. આ યોજના માનવ સંસાધન વિકાસ મંત્રાલયના શિક્ષણ વિભાગ અંતર્ગત ચાલતી નવોદય વિદ્યાલય સમિતિ (સ્વાયત્ત સંસ્થા) ધ્વારા સંચાલિત છે. | | |

## 4.2 પ્રવેશ માટે જરૂરી લાયકાત:

ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે SSC (ધોરણ- 10)ની પરીક્ષામાં (૧) ગુજરાતી/પ્રાદેશિક ભાષા (૨) ગણિત (૩) વિજ્ઞાન અને ટેક્નોલોજી (૪) સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને (૫) અંગ્રેજી વિષયોના ગુણના ઓછામાં-ઓછા ટેબલ - ૧માં દર્શાવ્યાં પ્રમાણેના ટકા મેળવેલ હોવા જોઇએ.

ટેબલ - 1

| ક્રમ | વિગત | પાંચ વિષયના ટકા** |
|---|---|---|
| 1. | અનુસુચિત જાતિના અરજદારો માટે | 33% |
| 2. | અનુસુચિત જનજાતિના અરજદારો માટે | 33% |
| 3. | સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત/આર્થિક રીતે નબળા વર્ગના અરજદારો માટે | 40% |
| 4. | અન્ય ઉમેદવારો માટે | 40% |

** ગુજરાતી/પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી, સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી

## 4.3. વધારાના ગુણ: (ભારાંક)

(1) ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવાર જો ખેડૂતના પુત્ર /પુત્રી / ભાઇ / બહેન / પૌત્ર / પૌત્રી હોય તો, તેમણે મેળવેલ મેરીટ માર્ક ઉપરાંત 5 % (ટકા) વધારાના ઉમેરવામાં આવશે. તેના માટે ઉમેદવારે તેના પિતા / માતા / દાદા (પિતૃ પક્ષ) /દાદી (પિતૃ પક્ષ) કે ભાઇ / બહેન ગુજરાત રાજ્યમાં ખેતીલાયક જમીન ધરાવે છે તે અંગેનો ૭/૧૨નો અને ૮-અ નો જે શૈક્ષણિક વર્ષમાં પ્રવેશ મેળવવાનો છે તે વર્ષની ૦૧-૦૪-૨૦૨૧ અથવા ત્યાર પછીનો દાખલો રજુ કરવાનો રહેશે. જો જમીનધારક અને ઉમેદવાર વચ્ચે સંબંધ પ્રસ્થાપિત થતો ન હોય તો પેઢીનામુ અથવા તે બંન્ને વચ્ચે સબંધ દર્શાવતું તલાટી / મંત્રી / મામલતદારનું પેઢીનામું રજુ કરવાનું રહેશે.

(2) રમત - ગમતમાં ભાગ લીધેલ ઉમેદવારને નીચે મુજબ વધારાના માર્ક આપવામાં આવે છે:

| ક્રમ | સ્પર્ધા | (વધારાના ટકા) |
|---|---|---|
| (i) | આંતરરાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | 7.0 % |
| (ii) | રાષ્ટ્રીય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | 1.0 % |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | 5.0 % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | 3.0 % |
| | (c) તૃતીય ક્રમાંક મેળવેલ હોય તો | 2.0 % |
| (iii) | રાજ્ય સ્તરની સ્પર્ધામાં ભાગ લીધેલ હોય તો | - |
| | (a) પ્રથમ ક્રમાંક મેળવેલ હોય તો | 1.0 % |
| | (b) દ્વિતીય ક્રમાંક મેળવેલ હોય તો | 0.5 % |

* ઉપરોક્ત ભારાંકનાં કોઇ એક ઉચ્ચસ્તરનો લાભ ઉમેદવારને તેના યુનિવર્સિટીનાં અભ્યાસકાળ દરમ્યાન ફકત એક જ વખત મળવાપાત્ર થશે.

**4.4.** ઉમર:

ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સમાં ચાલતા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે ચાલુ વર્ષની 31મી ડીસેમ્બરે ઓછામાં ઓછા 15 વર્ષ પુરા કરેલા હોવા જોઈએ.

| કેટેગરી | અનામત બેઠકો (%) | નોંધ |
|---|---|---|
| અનુસુચિત જાતિ (SC) | 7 | આ જાતિઓની અનામત બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે |
| અનુસુચિત જનજાતિ (ST) | 15 | |
| સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગ અને "ક્રિમીલેયરમાં સમાવિષ્ટ થતાં નથી" તેવા ઉમેદવારો (SEBC) | 27 | ગુજરાત રાજ્ય દ્વારા માન્ય જાતિઓને લાગુ પડશે |
| દિવ્યાંગજન ઉમેદવારો (PWD) | 5 | પ્રવેશ મેળવેલ ઉમેદવારની જાતિ અનુરૂપ જે તે કેટેગરીમાં મેરીટ પ્રમાણે સરભર કરવાની રહેશે |
| EWS - આર્થિક રીતે નબળા વર્ગો | 10 | વધારાની બેઠક |
| સેનાના કર્મચારી/ સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો (DP) | 1 | |
| પારસી જાતિના ઉમેદવારો | 1 Seat | વધારાની બેઠક |
| યુનિવર્સિટી દ્વારા આ નિયમોમાં દર્શાવેલ ટકાવારી કરતાં વધારાના ઉમેદવારોને પ્રવેશ આપી શકાશે નહીં કે તેની લાયકાતમાં છૂટછાટ આપી શકાશે નહીં. | | |

**5.0** અનામત બેઠકો:

**5.1** જુદી જુદી કેટેગરી માટેની અનામત બેઠકોનું પ્રમાણ રાજ્ય સરકાર ધ્વારા વખતો વખત નક્કી થયા મુજબનું રહેશે. હાલ પ્રવેશ માટે મૂળ ગુજરાત રાજ્યના નીચેની કેટેગરીમાં સમાવિષ્ટ ઉમેદવારો માટે તેની સામે દર્શાવેલ ટકાવારી મુજબ બેઠકો અનામત રહેશે.

**5.2** અનામત બેઠકો માટે સામાન્ય શરતો:

(1) અનામત બેઠકો ઉપર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારે જે-તે પછાતવર્ગનું / કેટેગરીનું સક્ષમ અધિકારીના સહી સિક્કા વાળું માન્ય પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(2) ઉમેદવારે અનામત બેઠક પર પ્રવેશ માટે જરૂરી જાતિ / કેટેગરી અંગેનું અસલ પ્રમાણપત્ર બિડાણ કરવાના રહેશે, પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે, તો તેવા ઉમેદવારને અનામત કેટેગરીમાં પ્રવેશ મળી શકશે નહીં અને જો પ્રવેશ મળી ગયો હશે, તો તે જે તે સમયે રદ કરવામાં આવશે.

(3) જો કોઈ અનામત કેટેગરીનો ઉમેદવાર તેના મેરીટના ધોરણે તેની પસંદગીની જગ્યાએ બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવી શકતો હોય, તો તેને બિન-અનામત કેટેગરીમાં પ્રવેશ આપવામાં આવશે. પરંતુ તેને બિન-અનામત કેટેગરીની તમામ લાયકાત પૂર્ણ કરવાની રહેશે.

(4) અનામત કેટેગરી અથવા અન્ય કોઇપણ પ્રકારનો લાભ મેળવતા ઉમેદવારને ઓછામાં ઓછી લાયકાતમાં એક કરતા વધારે પ્રકારની છૂટછાટ મળી શકશે નહીં.

(5) અનામત કેટેગરીના યોગ્યતા ધરાવતા તમામ ઉમેદવારોને જે-તે કેટેગરીમાં પ્રવેશ આપ્યા બાદ અનામત બેઠકો ખાલી રહે તો, પારસી/ આર્થિક રીતે નબળા જાતિની બેઠકો સિવાયની, ખાલી બેઠકો બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવામાં આવશે.

**5.3** અનુસુચિત જાતિ / અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(1) આ બન્ને જાતિના ગ્રુપ માટે કુલ ૨૨% બેઠકો અનામત રહેશે. જે પૈકીની ૭% બેઠકો અનુસુચિત જાતિના ઉમેદવારો માટે અને બાકીની ૧૫% બેઠકો અનુસુચિત જનજાતિના ઉમેદવારો માટે અનામત રહેશે.

(2) આ બન્ને પછાતવર્ગની કોઈપણ એક કેટેગરીમાં અનામત બેઠક કરતાં ઓછા ઉમેદવાર ઉપલબ્ધ હોયતો બીજી કેટેગરીની અનામત બેઠકમાં તબદીલ થશે. અર્થાત અનુસુચિત જાતિ અને અનુસુચિત જનજાતિની બેઠકો એકબીજામાં તબદીલ થઈ શકશે. ત્યારબાદ જો કોઇ બેઠકો ખાલી રહેતી હોય તો તેને બિન-અનામત કેટેગરીમાં તબદીલ કરવાની રહેશે.

**5.4** સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(1) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારો માટે રાજ્ય સરકારના પ્રવર્તમાન નિયમો પ્રમાણે ૨૭% બેઠકો અનામત રહેશે.

(2) SEBCના ઉમેદવારે જાતિના પ્રમાણપત્ર ઉપરાંત સક્ષમ અધિકારી દ્વારા આપવામાં આવેલ “નોન ક્રિમીલેયર પ્રમાણપત્ર” રજુ કરવાનું રહેશે. આવું પ્રમાણપત્ર તા. ૦૧-૦૪-૨૦૧૯ કે ત્યાર પછીનું હોવું જોઈએ. અન્યથા તેઓને SEBCની બેઠક પર પ્રવેશ મળી શકશે નહીં.

**5.5** આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવાર **(Economically Weaker Section)**

ઉમેદવારને રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં પ્રવેશ સમયે અનામતના લાભ અંગના ગુજરાત સરકારના સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩-૦૧-૨૦૧૯ના ઠરાવ ક્રમાંક ઇ.ડબલ્યુ.એસ./૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ મુજબ ૧૦% બેઠકો પર પ્રવેશ મળવાપાત્ર રહેશે. જે અંગે પરિશિષ્ઠ-ખ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રહેશે. આ અંગેની વિસ્તૃત માહિતી **http://sje.gujarat.gov.in/downloads/gr_23012019.pdf** અને **downloads/gr_25012019.pdf** ઉપરથી મેળવી શકાશે. વધુમાં ઉક્ત સંદર્ભે સરકારશ્રી તરફથી વખતો વખતની સૂચનાઓનો અમલ કરવામાં આવશે.

**5.6** દિવ્યાંગજન ઉમેદવારો માટે અનામત બેઠકો:

* ગુજરાત રાજ્યના દિવ્યાંગજન ઉમેદવારો માટે ૫% બેઠકો અનામત રાખવામાં આવેલ છે. જેતે કેટેગરીમાં સરભર કરવાની રહેશે. તેમજ નીચેની શરતોને આધિન રહેશે.

| | | |
|---|---|---|
| ૧ | શારીરિક દિવ્યાંગતા બાબતે ઉમેદવારની પ્રવેશપાત્રતા ગેરલાયક ઠરાવવામાં આવશે, જો... | |
| | a | કુલ શારીરિક દિવ્યાંગતા (છાતી/સ્પાઇન સહિત) ૫૦% કરતા વધારે હોય |
| | b | પગની દિવ્યાંગતા ૫૦% કરતા વધારે હોય |
| | c | હાથની દિવ્યાંગતા હોય |
| | d | દ્રષ્ટિની દિવ્યાંગતા અને સાંભળવાની વિકલાંગતા હોય |
| | e | ક્રમશ: વધતા જતા માયોપેથીઝ જેવા રોગથી પીડીત ઉમેદવાર હોય |
| | f | જે તે અભ્યાસક્રમમાં ભણવા માટે અને તેના પ્રાયોગીક કાર્યો / ફીલ્ડ વર્ક કરવામાં બાધક દિવ્યાંગતા હોય |
| ૨ | દિવ્યાંગજન ઉમેદવારની અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે તે મતલબનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે. જેનો નમૂનો પાછળ આપેલ છે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે પ્રમાણપત્ર ખોટું માલુમ પડશે તો તે ઉમેદવારનો દિવ્યાંગજન માટેનો અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહીં. જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તાત્કાલીક અસરથી રદ થશે. | |

**5.7** સેનાના કર્મચારી/ સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે અનામત બેઠકો:

સેનાના કર્મચારી અથવા સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટે ૧% બેઠકો અનામત રાખવામાં આવેલ છે.

(1) મૂળ ગુજરાત રાજ્યના સેનાના કર્મચારીના સંતાનોનો સમાવેશ અનામત કેટેગરી અંતર્ગત થતો હોય અને તેમણે ધોરણ-૧૦ની પરીક્ષા ગુજરાત રાજ્યમાં આવેલ શાળામાંથી પાસ કરેલ હોય તો તેઓનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે.

(2) સેનાના અથવા સેના નિવૃત્ત કર્મચારીના બાળકો માટેની અનામત બેઠકો પર પ્રવેશ મેળવવા ઇચ્છતા ઉમેદવારોએ ડાયરેકટર, સૈનિક વેલ્ફેર બોર્ડ, ગુજરાત રાજ્ય અથવા જિલ્લા સૈનિક વેલ્ફેર ઓફીસર કે જે તે કમાન્ડીંગ ઓફીસર (ચાલુ કર્મચારીએ)નું જરૂરી પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે.

(3) ગુજરાત રાજ્ય માધ્યમિક શિક્ષણ બોર્ડ અથવા રાજ્યના અન્ય માન્યતા પ્રાપ્ત બોર્ડમાંથી એસએસસી પરીક્ષા પાસ કરેલ સેનાના કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનોને તેઓની અનામત બેઠક પર પ્રવેશ આપ્યા બાદ જો કોઇ બેઠકો ખાલી રહે તો તેના પર અન્ય બોર્ડમાંથી એસએસસી પાસ કરનાર અરજદારને પ્રવેશ આપવામાં આવશે. તેમ છતાં જો આ અનામત બેઠકો ખાલી રહે તો તે ઉપર બિન-અનામત ઉમેદવારોને પ્રવેશ આપવામાં આવશે.

(4) ઉમેદવાર સેનામાં કાર્યરત કર્મચારી/સેના નિવૃત્ત કર્મચારીના સંતાનો માટેની અનામત કેટેગરીમાં પ્રવેશ મેળવવા માટે જરૂરી ઓછામાં ઓછી લાયકાત ધરાવતો હોવો જોઈએ.

(5) સેનાના કર્મચારીઓના સંતાનો માટે અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે ઉમેદવારે જે તે મતલબનું સક્ષમ અધિકારીશ્રીનું પ્રમાણપત્ર રજુ કરવાનું રહેશે. જો પ્રવેશપત્ર વેરીફીકેશન વખતે આવુ પ્રમાણપત્ર ખોટુ માલુમ પડશે તો તે ઉમેદવારનો આવી અનામત બેઠક પર પ્રવેશ અંગેનો હક્ક દાવો રહેશે નહિ. (જો આવા ઉમેદવારને પ્રવેશ આપી દેવામાં આવ્યો હોય તો તે તત્કાલીન અસરથી રદ થશે.)

(6) લડાઇમાં શહીદ થયેલ સેનાના કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે.

(7) લડાઇ લડતા અપંગ થયેલ સેનાની કર્મચારીઓના સંતાનોનો સમાવેશ આ કેટેગરીમાં કરવાનો રહેશે.

**5.8** પારસી જાતિના ઉમેદવારો માટે અનામત બેઠકો:

(1) માત્ર ગુજરાત રાજ્યના પારસી જાતિના ઉમેદવારો માટે એક વધારાની બેઠક અનામત રહેશે. જે અન્ય ઉમેદવારો માટે તબદિલ થઇ શકશે નહીં.

(2) આ અનામત બેઠક પર પ્રવેશ મેળવવા માટે પારસી જાતિના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર રજૂ કરવાનું રહેશે.

**6.0** મેરીટ લિસ્ટ:

| ક્રમ | | વિગત |
|---|---|---|
| 1. | | સમય મર્યાદામાં પ્રવેશ ફોર્મ ભરેલ હોય અને પ્રવેશ માટેની લાયકાત ધરાવતા હોય તેવા તમામ ઉમેદવારોના મેરીટ લિસ્ટ નીચેની લાયકાતને આધારે બનાવવામાં આવશે:<br>એસએસસી (ધોરણ-10)ની પરીક્ષામાં ગુજરાતી/ પ્રાદેશિક ભાષા, ગણિત, વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેક્નોલોજી , સામાજિક વિજ્ઞાન / સમાજ વિદ્યા અને અંગ્રેજી વિષયમાં મેળવેલ ગુણના આધારે બનાવામાં આવશે. |
| | | |
| | | |
| 2. | | કેન્દ્રિય પ્રવેશ સમિતિ 'A', અને 'B' બે પ્રકારના ડિપ્લોમા માટે નીચે મુજબના બે અલગ- અલગ મેરીટ લિસ્ટ તૈયાર કરશે. |
| | A | ગુજરાત બોર્ડમાંથી એસએસસી પરીક્ષા પાસ કરનાર અરજદારોનું મેરીટ લિસ્ટ. અનામત કેટેગરીના અરજદારોનું કેટેગરી વાઇઝ મેરીટ લિસ્ટ અલગથી બનાવવામાં આવશે. (પ્રથમ મેરીટ લિસ્ટ) |
| | B | કેન્દ્રિય અને અન્ય બોર્ડમાંથી તથા કાઉન્સીલ ઓફ ઈન્ડીયન સ્કૂલ સર્ટીફીકેટ એકઝામીનેશન, ન્યુ દિલ્હી અથવા નેશનલ ઈન્સ્ટીટયુટ ઓફ ઓપન સ્કૂલીંગ અથવા ઈન્ટરનેશનલ સ્કૂલ બોર્ડમાંથી ધોરણ-10ની પરીક્ષા પાસ કરનાર ઉમેદવારોનું મેરીટ લિસ્ટ (દ્રિતીય મેરીટ લિસ્ટ) બનાવવામાં આવશે. |
| 3. | **Explanation :** | |
| | | ઉપરોકત ક્રમાંક (A) અને (B) ના બોર્ડમાંથી પાસ થયેલ ઉમેદવારો માટેની બેઠકોની વહેંચણી "પ્રો-રેટા" બેઇઝ અથવા ડિપ્લોમા અભ્યાસક્રમોમાં પ્રવેશ માટેની કેન્દ્રીય સંકલન સમિતિ નક્કી કરે તે પ્રમાણે કરવામાં આવશે. |
| 4. | | બે અથવા વધારે ઉમેદવારના મેરીટ માર્ક એકસરખા થશે તો તેઓનું મેરીટ લિસ્ટ નીચે પ્રમાણેના વિષયોના માર્ક /વયની ક્રમશ: સરખામણી કરી બનાવવામાં આવશે : |
| | I. | જે ઉમેદવારે SSCE માં વિજ્ઞાન / વિજ્ઞાન અને ટેકનોલોજી વિષયમાં વધારે ગુણ મેળવેલ હોય |
| | II. | જે ઉમેદવારે SSCE માં ગણિત વિષયમાં વધારે માર્ક મેળવેલ હોય |
| | III. | જે ઉમેદવારે SSCE માં અંગ્રેજી વિષયમાં વધારે માર્ક મેળવેલ હોય |
| | IV. | જે ઉમેદવારની વય વધારે હોય |

**7.0.** પ્રવેશ:

(1) દરેક ઉમેદવારે નિર્ધારીત સમયમાં પ્રવેશ ફોર્મ આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર ખાતે રુબરુ જમા કરાવતી વખતે પોતાના તમામ અસલ પ્રમાણપત્રો, દસ્તાવેજો, માર્કશીટ વગેરે અસલમાં (તેની પ્રમાણિત નકલોના બે સેટ સહિત ) રૂબરૂ હાજર થઇ વેરિફિકેશન કરાવવાનુ રહેશે. ત્યાર બાદ જો પ્રવેશ માટે લાયકાત ધરાવતા હશે તો પ્રવેશ ફોર્મ ફી પેટે રૂ. 200 ભરવાના થશે.

(2) મેરીટ લીસ્ટ વેબસાઇટ પર મુકવામાં આવશે.

(3) પ્રવેશ પ્રક્રિયા ઓફલાઇન કરવામાં આવશે. પ્રવેશ મળ્યા બાદ ઉમેદવારે નિર્ધારીત ફી રોકડા ભરવાના રેહશે.

**8.0** કોલેજ ખાતે હાજર થવું

**8.1** દરેક ઉમેદવારે નીચે દર્શાવેલ પ્રમાણપત્રો ફોર્મ સાથે બિડાણ કરવાના રહેશે.

(i) SSCE (ધોરણ ૧૦) ની માર્કશીટ.

(ii) શાળા છોડ્યાનું પ્રમાણપત્ર (LC).

(iii) જાતિનું પ્રમાણપત્ર (જો ઉમેદવાર અનુસુચિત જાતિ, અનુસુચિત જનજાતિ અથવા સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત/ આર્થિક રીતે નબળા વર્ગના હોય તો).

(iv) સામાજિક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગના ઉમેદવારે ચાલુ નાંણાકિય વર્ષનું (એટલે કે તા: ૦૧-૦૪-૨૦૧૯ કે ત્યારપછીનું) માન્ય મુદતનું નોન ક્રિમીલેયર સર્ટીફીકેટ રજુ કરવાનું રહેશે. જેમાં ચૂક થશે તો તેવા ઉમેદવારને SEBC અનામત બેઠકો પર પ્રવેશ મળી શકશે નહીં.

(v) જમીનની માલિકી દર્શાવતો ચાલુ વર્ષ (એટલે કે તા: ૦૧-૦૪-૨૦૨૧ કે ત્યાર પછીનો) ૭-૧૨ અને ૮-અનો દાખલો, જો લાગું પડતો હોય તો.

(vi) જો ૭-૧૨ અને ૮-અના દાખલા ઉપરથી ઉમેદવાર અને જમીનના માલિક જોડેનો સંબંધ સ્પષ્ટ ન થતો હોય તો, તે બે વચ્ચેનો સંબંધ દર્શાવતું પેઢીનામું તેમજ, ધોરણ-૧૦ની માર્કશીટમાં દર્શાવેલ અટક અને ૭/૧૨, ૮-અમાં દર્શાવેલ અટકમાં ફેરફાર હોય તો તે અંગેનું સોગંદનામું રજુ કરવાનું રહેશે.

(vii) દિવ, દમણ અને દાદરા નગર હવેલીના રહેવાસી હોવા અંગેનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(viii) દિવ્યાંગ જન અંગેનું સરકારી હોસ્પીટલના સક્ષમ અધિકારી (સિવિલ સર્જન અથવા સુપ્રિટેન્ડન્ટ)નું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(ix) પારસી જાતીના હોવા અંગેનું સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(x) આંતરરાષ્ટ્રીય / રાષ્ટ્રીય / રાજ્ય કક્ષાએ રમત-ગમતમાં ભાગ લીધેલ હોય અને / અથવા જીતેલ ક્રમાંકનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(xi) સેનાના કર્મચારી/ નિવૃત્ત સેના કર્મચારીનું પ્રમાણપત્ર, જો લાગું પડતું હોય તો.

(xii) ત્રણ પાસપોર્ટ સાઇઝ ના ફોટા.

(xiii) આર્થિક રીતે નબળા વર્ગો માટે પરિશિષ્ટ – ખ મુજબનું પ્રમાણપત્ર જોડવાનું રેહશે.

નોંધ: * જો નોંધણી સમયે, ઉમેદવારે કોઈ ખોટી મહિતી આપેલ છે, તેવું માલુમ પડશે તો પ્રવેશ માટેની તેની ઉમેદવારી રદ થશે અને તેણે ભરેલી ફી નિયમોનુસાર જપ્ત થશે.

8.2 જે-તે પોલીટેકનિક ખાતે ઓરીએન્ટેશન કાર્યક્રમમાં હાજર રહેવું.

8.3 જે-તે પોલીટેકનિક ખાતે અભ્યાસક્રમનું રજીસ્ટ્રેશન કરાવવું.

8.4 જો ઉમેદવાર એડમીશન મેમોમાં દર્શાવેલ સમયમર્યાદામાં કોલેજ ખાતે ફી ભરશે નહી તથા હાજર થશે નહીં, તો તેનો પ્રવેશ આપો-આપ રદ થશે.

8.5 જો ઉમેદવાર અસાધારણ સંજોગો (આધાર રજૂ કરવાનાં રહેશે) ના કારણે સમયમર્યાદામાં પ્રમાણપત્રો ચકાસણી માટે ન આવી શકે તેમ હોય તો, તે અન્ય કોઇ વ્યકિત મારફતે અરજી (આધાર-પૂરાવા સહિત) આપી પ્રમાણપત્રો ચકાસણી કરાવડાવી અને ફી ઓફલાઇન ભરી હંગામી રજીસ્ટ્રેશન કરાવી શકશે. હંગામી રજીસ્ટ્રેશન કરાવનાર ઉમેદવારે કોર્ષ શરુ થયાના એક અઠવાડીયામાં બાકીની વિધિ પુરી કરવાની રહેશે, અન્યથા તેઓનો પ્રવેશ આપો-આપ રદ થશે.

8.6 પ્રવેશ મેળવ્યા બાદ ઉમેદવારને યુનિવર્સિટી દ્વારા રજીસ્ટ્રેશન નંબર આપવામાં આવશે. જે તેના દરેક એકેડેમિક રેકર્ડ માટે ઉપયોગમાં લેવાનો રહેશે.

8.7 પ્રવેશ મેળવેલ દરેક વિદ્યાર્થીનીને ઓળખપત્ર આપવામાં આવશે. જે પોતાની પાસે રાખવાનું રહેશે અને જરૂર પડ્યે રજૂ કરવાનું રહેશે. જો ઓળખપત્ર ખોવાઈ જાય, તો જરૂરી ફી ભર્યેથી નવું ઓળખપત્ર મેળવી શકાશે.

**8.9** ફીનું ધોરણ:

| ક્રમ | ફી / ડીપોઝીટ | રકમ (રૂ.) |
|---|---|---|
| | | બહેનો |
| A. | તમામ નવા વિધાર્થીઓએ પહેલા રજીસ્ટ્રેશન વખતે ચૂકવવા પાત્ર ફી અને ડીપોઝીટ | |
| 1. | કોશન મની | 100 |
| 2. | હોસ્ટેલ ડીપોઝીટ | 100 |
| 3. | મેસ ડીપોઝીટ | *** |
| 4. | ઈલેક્ટ્રિક ચાર્જ | 100 |
| 5. | ઓળખપત્ર ફી | 30 |
| 6. | થેલેસેમીયા ટેસ્ટ ફી | 150 |
| | **TOTAL A** | **480** |
| B. | દરેક એકી સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી | |
| 1. | યુનિવર્સિટી મેડીકલ ટેસ્ટ | 020 |
| 2. | મેગેઝીન | 050 |
| 3. | સ્ટુડન્ટ એઈડ ફંડ | 020 |
| 4. | જનરલ એમીનિટી | 010 |
| | **TOTAL B** | **100** |
| **C.** | દરેક સેમેસ્ટરમાં ચૂકવવા પાત્ર ફી | |
| 1. | રજીસ્ટ્રેશન | 010 |
| 2. | શિક્ષણ | - |
| 3. | લાઈબ્રેરી | 020 |
| 4. | પરીક્ષા | 050 |
| 5. | જીમખાના | 010 |
| 6. | સાંસકૃતિક પ્રવૃત્તિઓ | 020 |
| 7. | પ્રયોગશાળા | 020 |
| 8. | હોસ્ટેલ | - |
| 9. | માર્કશીટ, પ્રમાણપત્ર, ટ્રાન્સક્રીપ્ટ | 050 |
| | **TOTAL C** | **180** |
| | **Total A+B+C=** | **760** |
| **D.** | પ્રોવીઝનલ સર્ટીફીકેટ અને ગ્રેડ વેરીફીકેશન ફી | |
| 1. | પ્રોવીઝનલ પ્રમાણપત્ર | 050 |
| 2. | ગ્રેડ વેરીફીકેશન | 200 |
| | **TOTAL D** | **250** |

**Note:**

1. ભારતીય નાગરીકત્વ ધરાવતી વિદ્યાર્થિનીઓ માટે શિક્ષણ અને હોસ્ટેલ ફી માફી છે.
2. સામાન્ય સંજોગોમાં ફી ભર્યા બાદ ફરી ફી પરત મેળવી શકાશે નહીં.
3. ***A(3) માં દર્શાવેલ ફી સ્થાનિક પરિસ્થિતિ મુજબ બદલાશે. જે પોલીટેકનીક ખાતે લેવામાં આવશે.
4. ઉપરોકત પ્રવેશફી / ડીપોઝીટ ભરવા માટે અગાઉ જે પ્રક્રિયા હાથ ધરેલ હતી, તે જ પ્રમાણે પ્રવેશ ફી ઓનલાઇન ભરવાની રહેશે.

**8.10.** અભ્યાસક્રમ અને વિષયો અંગે સામાન્ય માહિતી:

1. શિક્ષણનું માધ્યમ અંગ્રેજી છે.
2. જે તે વિષયનો અભ્યાસક્રમ, તેના વિષયો, વિનિયમો, પરીક્ષા વગેરેને લગતી તમામ માહિતી કોલેજના આચાર્ય પાસેથી મેળવી શકાશે. જેમાં જરૂર પડ્યે સુધારા વધારા કરવાની સત્તા યુનિવર્સિટીના સત્તાધીશોને અબાધિત રહેશે. યુનિવર્સિટી તેની કોલેજોમાં કેટેગરી વાઇઝ ઓછમાં ઓછી પ્રવેશ લાયકાત ધરાવતા વિદ્યાર્થીનીઓ માટે પુર્ણસમયના પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા કક્ષાના અભ્યાસક્રમો ચલાવે છે. સેમેસ્ટર પધ્ધત્તીના આવા અભ્યાસક્રમ હેઠળ, છૂટછાટ આપેલ હોય અથવા હોસ્ટેલ ફાળવેલ ન હોય તે સિવાયના, દરેક વિદ્યાર્થીનીએ યુનિવર્સિટી હોસ્ટેલમાં રહેવું ફરજીયાત છે.

**9.** એન્ટી રેગીંગ:

યુનિવર્સીટીમાં એન્ટી રેગીંગ કમિટિ કાર્યરત છે. જો કોઇ વિદ્યાર્થીની રેગીંગ કરતી જણાશે તો તેને યોગ્ય સજા કરવામાં આવશે. રેગીંગ કરનાર વિદ્યાર્થીની સામે એફ. આઇ. આર. (FIR) દર્જ કરી શકાશે. રેગીંગનો ભોગ બનનાર વિદ્યાર્થીની એન્ટિ રેગીંગ કમિટિના ચેરમેન અથવા જે તે ફેકલ્ટીના ડીનનો સંપર્ક કરી શકશે.

**10.** વિદ્યાર્થિનીઓને હેરાનગતી બાબત:

વિદ્યાર્થિનીઓને હેરાન કરતા તત્વો વિરુધ્ધ ફરિયાદ કરવા માટે એક સેલ સ્થાપવામાં આવેલ છે. જો કોઇ પણ વિદ્યાર્થીની કન્યાઓ કે મહિલાઓને હેરાન કરતાં જણાશે, તો તેને યોગ્ય સજા કરવામાં આવશે.

**11.** પ્રવેશ પ્રક્રિયા:

૧. ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનીટી સાયન્સ અભ્યાસક્રમમાં પ્રવેશ અંગેની સઘળી કામગીરી સરદારકૃષિનગર દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી, સરદારકૃષિનગર હેઠળ હાથ ધરવામાં આવશે.
૨. પ્રવશે અંગેની સઘળી બાબતો વેબસાઇટ **sdau.edu.in** ઉપર જોઇ શકાશે.
૩. ધોરણ - ૧૦નું પરીણામ જાહેર થયા બાદ પ્રવેશ માટેની જાહેરાત માટે ઉપરોક્ત વેબસાઇટ ચકાસવાની રહેશે.
૪. પ્રવેશ અંગેની જાહેરાત ગુજરાત રાજ્યના દૈનિક સમાચાર પત્રોમાં પ્રસિધ્ધ કરવામાં આવશે.
૫. અરજી ફોર્મ વેરીફીકેશન યુનિવર્સિટી દ્વારા ઓફલાઇન કરવામાં આવશે.
૬. પ્રવેશ માટે વેબસાઇટ / જાહેરાતમાં જણાવ્યા મુજબ વિદ્યાર્થીઓની મેરીટ લીસ્ટ મુજબ ઓફલાઇન પ્રવેશની ફાળવણી કરવામાં આવશે.

**12.** ડિસ્ક્લેમર:

આ માહિતી પુસ્તિકામાં આપવામાં આવેલ નિવેદન કે માહિતી છાપતી વખતે અમારી જાણ મુજબ બરાબર છે. આ માહિતી પુસ્તિકામાં આપેલ વિદ્યાર્થીનીઓની શિસ્તના નિયમો, પોલીટેકનીકમાં ચાલતા ડિપ્લોમા અભ્યાસક્રમના નિયમો, ફી કે અન્ય કોઇપણ નિવેદન / માહિતી / વિનિયમો વગેરે કોઇપણ જાતની જાણ કર્યા સિવાય બદલવાની, ઘટાડવાની, વધારવાની, તેમાં સુધારા-વધારા કરવાની, ફેરફાર કરવાની અબાધિત સત્તા યુનિવર્સિટીની રહેશે. પ્રવર્તમાન વિનિયમો, તેને બદલવાથી કે અન્ય કોઇપણ રીતે વિદ્યાર્થીનીને અભ્યાસ દરમ્યાન કોઇ મુશ્કેલી પડે, તે માટે વિદ્યાર્થીની કે અન્ય વ્યકિતને કોઇ ખર્ચ થાય કે કંઇપણ નુકશાન કે ખોટ જાય તો તેની કોઇપણ પ્રકારની જવાબદારી યુનિવર્સિટીની રહેશે નહીં.

13. વર્ષ ૨૦૨૧-૨૨માં ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ અભ્યાસક્રમમાં કેટગરી વાઇજ બેઠકોની સંખ્યા (સીટ મેટ્રીક્ષ) :

| ક્રમ | કોલેજ | કુલ બેઠકો | અન્ય બોર્ડ ૬.૩૩% | અન્ય બોર્ડ બાદ બેઠકો | EWS આ.ન.વ. ૧૦% વધારાની સીટો | જનરલ | અનુસુચિત જાતિ ૭% | અનુસુચિત જનજાતિ ૧૫% | શા.શૈ.પ.વ. ૨૭% | એક્સ આર્મીમેન ૧% | દિવ્યાંગજન (PWD) ૫% | પારસી જાતિ (વધારાની) | બિન નિવાસી ગુજરાતી (NRI-G) |
|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | આસ્પી કોલેજ ઓફ ન્યુટ્રીશન એન્ડ કોમ્યુનિટી સાયન્સ, સરદારકૃષિનગર | ૩૫ | ૨ | ૩૩ | ૩ | ૧૯ | ૨ | ૪ | ૮ | ૦ | ૧ | ૧ | ૦ |

: પ્રવેશ માટે અગત્યની સૂચનાઓ :

- પ્રવેશ ફોર્મ **sdau.edu.in** વેબસાઇટ પરથી ડાઉનલોડ કરી ભરવાનું રહેશે.
- ઓફલાઇન પ્રવેશ ફોર્મ ભરતાં પહેલા ઉમેદવારોએ પ્રવેશ માટેની માહિતી પુસ્તિકા નો અભ્યાસ કરવો.
- ગમે ત્યારે યુનિવર્સિટીને ધ્યાને આવશે કે, ઉમેદવારના પ્રમાણપત્રો ખોટા છે અથવા ઉમેદવાર પ્રવેશ માટે જરૂરી શૈક્ષણિક લાયકાત ધરાવતો નથી, તો તેનો પ્રવેશ રદ થશે અને ફી જપ્ત થશે.
- યુનિવર્સિટી દ્વારા પ્રવેશ અંગે પ્રવાસ ભથ્થુ કે અન્ય કોઇપણ પ્રકારનો ખર્ચ ચુકવવામાં આવશે નહી.
- પ્રવેશ પ્રક્રિયાને લગતી તમામ માહિતી વેબસાઇટ ઉપર ઉપલબ્ધ કરવામાં આવશે. તમામ ઉમેદવારોએ નિયમિત વેબસાઇટની મુલાકાત લેવી આવશ્યક છે.
- અરજી ફોર્મ વેરીફીકેશન ઓફલાઇન કોલેજ દ્વારા કરવામાં આવશે.

**પુસ્તિકામાં આપેલ મહિતી ફક્ત માર્ગદર્શન માટે છે, જેનો ઉપયોગ કાયદાકીય દસ્તાવેજ તરીકે કરી શકાશે નહીં.**

પરિશિષ્ટ – ખ (EWS)

**આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારને પ્રમાણપત્ર મેળવવાનો નમૂનો**

(Appendix to Resolution of Social Justice and Empowerment Department Dt.25/1/2019
No.EWS/122019/45903/A)

Annexure-KH

Certificate No : ……………

सत्यमेव जयते

**Photo**

## Government of Gujarat

### Eligibility Certificate For Economically Weaker Sections

**(Only for the purpose of EWS reservation under Gujarat state)**

This is to certify that Shri/ Smt/ Kumari ……………………………….........
is the Son /daughter/ward of ……… ………………… …………………………
He/She is the Resident of Village /City …………………………………………...
Taluka/Tehsil……………………………. District. ……………………………….
and he/she belongs to …………caste/class/Group which is not covered within Scheduled Castes or Schedule Tribes or Socially and Educationally Backward Classes/ Other Backward Classes.

2. As per norms prescribed vide Gujarat Government, Social Justice and Empowerment Department Resolution No. EWS/122019/45903/A, Dt.23.01.2019 his/her gross family annual income from all sources is Rs………., which is less than Rs.8,00,000/- therefore it is further certified that he/she is within category of Economically Weaker Sections.

Place:-
Date :-

Signature :-
Name :-
Designation :-

**This Certificate has been issued on the basis of following proof / evidences/ documents.**

1.
2.
3.

# *Medical Certificate for Physically Handicapped Candidate*

FORM OF CERTIFICATE FOR PHYSICALLY DISABLED CANDIDATE FOR ADMISSION TO FIRST YEAR COURSES IN AGRICULTURAL UNIVERSITIES OF GUJARAT STATE AFTER 10TH (S.S.C)

1. Full Name of Candidate
2. O.P.D Case No.
3. (a) Nature of disability

   (To be mentioned in the square on the right side)

   POLIO; CEREBAL PALSY,

   AMPUTATONS, PARAPLEGIA,

   CONGENITAL & AQUIRED DEFORMITY

   VISUAL IMPAIRED,

   OTHERS

   (b) Any disability in upeer limbs ? Yes / No

   (c) Extent of disability:

   (To be mentioned in the box on the right side)

   BELOW 40% / 40% to 50% / 50% to 70% / ABOVE 70%

**Note:** A Candidate shall not be admitted to Graduate level courses of Agriculture Universities of Gujarat if he / she suffer from the following disabilities, namely:

(a) Disability of total body including disability of chestorspinemore than 50%
(b) Disability of lower limb of more than 50%
(c) Disability of upper limb
(d) Visually handicapped candidates and those with hearing disability
(e) Candidates with progressive diseases like myopathies etc.
(f) Disabilities which otherwise would interfere in the in the performance of the duties in concerned course.

4. Despite the disability whether the candidate is fit to undergo Graduate level courses of Agricultural Universities of Gujarat Yes / No

   (Please state Yes or No in the square on the right side.)

I certify that Shri/Kum ___________________________ has been examined by me Dr. ____________________

Designation : _________________on Dt. / /201 , and has been found physically handicapped and in my opinion, he/she is in a position to undertake Graduate level courses of Agriculture Universities of Gujarat.

Outward No.:
Date:

Stamp

Signature of Competent Authority of
Govt. Hospital (District or State level)

Countersigned by Medical Superintendent /
Civil Surgeon of Govt. Hospital (District or State level)